કેજરીવાલે ગઠબંધનના સંદર્ભે કોઈ પણ વાત કરી નથી : શીલા દિક્ષીત

આપ સાથે ગઠબંધન મામલે શીલા દિક્ષિતે આખરે ખુલાસો કર્યો

નવી દિલ્હી,તા. ૨૪

લોકસભાની ચુંટણી પહેલા દિલ્હીમાં આમ આદમી પાર્ટી સાથે

ગઠબંધન કરવાને લઈને બંને પાર્ટીઓમાં ભારે ખેંચતાણ જારી છે. પાર્ટીના એક વર્ગ તરફથી સતત આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરી લેવાના દબાણ વચ્ચે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષિતે આજે કહ્યું હતું કે અરવિંદ કેજરીવાલે આને લઈને એક પણ વખત તેમનો સંપર્ક કર્યો નથી. શીલા દિક્ષિતે એમ પણ કહ્યું હતું કે કેજરીવાલે રાહુલ ગાંધી અથવા તો તેમની સાથે કોઈપણ પ્રકારની વાત હજુ કરી નથી. શીલા દિક્ષિતના આ નિવેદનથી ફરી એકવાર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગઠબંધનને લઈને શક્યતાઓ ઉપર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. જાન્યુઆરી મહિનામાં દિલ્હી પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી ચુકેલા શીલા દિક્ષિતે કહ્યું હતું કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પાર્ટી અધ્યક્ષ અથવા તો તેમનો કોઈ સંપર્ક કર્યો નથી. બેઠકોની વહેંચણીને લઈને પણ કોઈ વાત કરવામાં આવી નથી. આમ આદમી પાર્ટીના નેતાઓ તરફથી કોંગ્રેસ પર નિર્ણય ન લેવાને લઈને પ્રહારો કરી રહ્યા છે પરંતુ વાસ્તવમાં કેજરીવાલે કોઈપણ પ્રકારની વાત કોંગ્રેસ સાથે ટોપ સ્તર પર કરી નથી. શીલા દિક્ષિતે એક રીતે આમ આદમી પાર્ટીની ગઠબંધન કરવાની ઈચ્છા પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે કેજરીવાલે તેમની સાથે વાતચીત કરવાના કોઈપણ પ્રયાસ કર્યા નથી. જો કોઈ પાર્ટીની સાથે ગઠબંધન કરવાની ઈચ્છા હોય છે તો આને લઈને વાતચીત થવી જોઈએ. વાતચીત બંને પક્ષોમાં ટોપ નેતાઓ વચ્ચે થવી જોઈએ. જોકે કોઈ પણ પ્રકારની વાતચીત થઈ નથી. આને લઈને ફરીવાર ચર્ચા સાંભળવા મળી રહી છે. શીલા દિક્ષિતના આ નિવેદનથી એવી અટકળો ચાલી રહી છે કે કોંગ્રેસના દિલ્હી એકમમાં વિખવાદ જારી છે.

બિહારમાં ગિરીરાજ અને કનૈયા કુમાર વચ્ચે સીધી ટક્કર રહેશે

બેગુસરાય સીટ પર સ્પર્ધા ખૂબ જ રોમાંચક બનશે : કનૈયા કુમારને મહાગઠબંધનથી સમર્થન મળે તેવી શક્યતા

બેગુસરાય,તા. ૨૪

લોકસભા ચુંટણીમાં બિહારની બેગુસરાય સીટ ઉપર સ્પર્ધા ખુબ જ રોમાંચક થનાર છે. ભાજપના આક્રમક નેતા ગિરીરાજસિંહની ટક્કર જેએનયુના પૂર્વ વિદ્યાર્થી નેતા કનૈયા કુમાર સાથે થનાર છે. યુવા લીડર કનૈયા કુમાર સીપીઆઈની ટિકિટ ઉપર બેગુસરાયથી લોકસભા ચુંટણી લડનાર છે. આ અંગેની જાહેરાત સીપીઆઈ નેતા સુધાકર રેડ્ડી કરી ચુક્યા છે. કનૈયા કુમારને એક કટ્ટરપંથી યુવા લીડર તરીકે ગણવામાં આવે છે. બિહારની આ હોટ સીટ ઉપર ભાજપની સામે ઘણા પડકારો રહેલા છે. આ સીટ પહેલાથી જ સીપીઆઈના ગઢ તરીકે રહેલી છે. આને મોસ્કો ઓફ બિહાર કહેવામાં આવે છે. બીજી બાજુ ગિરીરાજસિંહ પોતાની જૂની સીટ નવાદાથી જ ચુંટણી લડવા માટે ઈચ્છુક દર્શાવવામાં આવી રહ્યા હતા. જોકે પાર્ટીએ નવાદાના બદલે બેગુસરાયમાંથી ચુંટણી લડવા ગિરીરાજસિંહને કહેવામાં આવ્યું છે. બેગુસરાયમાં ગિરીરાજની છાપ અને જાતિય સમીકરણને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. કનૈયા અને ગિરીરાજસિંહ બંને એક જાતિ ભૂમિહારમાંથી આવે છે. જ્યાં સુધી રાજકીય લોકસપ્રિયતાની વાત છે આ મામલામાં બંનેની લોકપ્રિયતા છે. સીપીઆઈ મહાગઠબંધનમાં સામેલ નથી પરંતુ બેગુસરાય સીટથી કનૈયા કુમારને આરજેડીનો ટેકો મળી શકે છે. આવી સ્થિતિમાં ગિરીરાજની મુશ્કેલી વધી શકે છે. ગિરીરાજ તેમની જુની સીટ નવાદા

આંચકી લેવામાં આવતા નારાજ દેખાઈ રહ્યા છે. હજુ પણ પોતાના ચુંટણી ક્ષેત્રને બદલવાને લઈને ગિરિરાજ પાર્ટી પ્રમુખ અમિત શાહનો સંપર્ક કરી રહ્યા છે. તેમની પરંપરાગત સીટ નવાદાથી એલજેપીના ઉમેદવાર ચંદનકુમારને ચુંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

ભોપાલમાં શિવરાજ અને દિગ્વિજયની વચ્ચે જંગ રહેશે

હોટ ગણાતી વીઆઈપી સીટ ભોપાલ પર નજર : કોંગ્રેસ દ્વારા દિગ્ગી રાજાને ઉમેદવાર બનાવી દેવાયા બાદ ભાજપમાં રાજકીય ગરમી વચ્ચે ભારે ઉથલપાથલ જારી

નવી દિલ્હી,તા. ૨૪

મધ્યપ્રદેશની વીઆઈપી સીટ ભોપાલથી કોંગ્રેસ દ્વારા દિગ્વિજયસિંહને ઉમેદવાર બનાવી દેવામાં આવ્યા બાદ ભાજપમાં ઉથલપાથલ શરૂ થઈ ગઈ છે. મધ્યપ્રદેશમાં વીઆઈપી સીટ તરીકે ભોપાલની ગણતરી કરવામાં આવે છે. દિગ્વિજયની સામે મેદાનમાં કોને ઉતારવામાં આવે તેને લઈને સ્પર્ધા જારી છે. ભાજપના વર્તુળોમાં એવી ચર્ચા છે કે આ સીટ પરથી પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહને મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. ત્રણ દશકથી ભાજપના ગઢ તરીકે આ સીટને ગણવામાં આવે છે. દિગ્વિજયસિંહને ઉતારવામાં આવ્યા બાદ ટક્કર વધારે તીવ્ર રહે તેવા સંકેત છે. દિગ્વિજયસિંહે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે તેમની જીત અહીં નિશ્ચિત દેખાઈ રહી છે. બીજી બાજુ શિવરાજસિંહે કહ્યું છે કે દિગ્વિજયસિંહ પાર્ટીને હરાવનાર નેતા તરીકે રહ્યા છે. વિધાનસભા ચુંટણીમાં ત્રણ રાજ્યો ગુમાવી દીધા બાદ ભાજપ હવે કોઈ તક લેવા તૈયાર નથી. ભાજપના વ્યૂહરચનાકાર આ તથ્યને સમજી રહ્યા છે કે ભોપાલની આ વિધાનસભા સીટ પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મત અંતર ૨૦૧૮માં એક લાખથી ઓછું હતું જે ૧૯૮૯ બાદ બીજી વખત થયું છે. આવી સ્થિતિમાં ભોપાલ સીટથી દિગ્વિજયસિંહની સામે એક મજબૂત ઉમેદવાર ઉતારવા માટે ભાજપના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના નામ ઉપર ચર્ચા જારી રહી છે. ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રભાત ઝાએ કહ્યું છે કે દિગ્વિજય માટે ભોપાલ જીતવા માટેની બાબત પડકારરૂપ છે. કોંગ્રેસ પણ માને છે કે તેઓ જીતી શકે તેમ નથી. કોંગ્રેસની અંદર આંતરિક સંઘર્ષની સ્થિતિ છે. ભાજપ પ્રદેશની તમામ ૨૯ સીટ જીતવા માટેના મક્કમ ઈરાદા સાથે ઉતરવા ઈચ્છુક છે અને શિવરાજને મોટી જવાબદારી સોંપાઈ છે.

"શૂરવીર પાળિયા" પુસ્તકમાં ગાંધીનગરની યુવા લેખિકા હાર્દિ સોનીના લેખનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨૪

આજે કચ્છના ભચાઉ તાલુકાના કંથકોટ મુકામે "શૂરવીર પાળિયા" પુસ્તકનું વિમોચન યોજાયું હતું. જેમાં ગુજરાતમાં પાળિયાઓના

ઈતિહાસની કથાઓ વર્ણવી લેવામાં આવી છે. આ પુસ્તકમાં વિવિધ લેખકોના લેખોનું સંપાદન જાણીતા ફોટો જર્નાલિસ્ટ એન. ભાટી દ્વારા આવરી લેવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગરની યુવા લેખિકા હાર્દિ સોનીના લેખનો પણ સમાવેશ કરાયો છે જે પુસ્તકમાં સમાવિષ્ટ લેખોના તમામ લેખકોમાં સૌથી યુવા વયના લેખિકા છે.

"શૂરવીર પાળિયા" પુસ્તકના વિમોચન પ્રસંગે ગુજરાત કલા પ્રતિષ્ઠાન સંસ્થાના મહામંત્રી રમણીકભાઈ ઝાપડિયા, પુસ્તકના સંપાદક એન. ભાટી તથા "કચ્છ મિત્ર"ના સંપાદક નરેશભાઈ અંતાણી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા અને તમામે હાર્દિ સોનીને અભિનંદન સાથે શુભાશિષ પાઠવી હતી. આ સાથે હાર્દિ સોનીને ગાંધીનગરના સાહિત્ય સર્જન વર્તુળમાંથી પણ પ્રસંશા પ્રાપ્ત થઈ રહી છે.

રાજ્યમાં સ્વાઈન ફ્લુનો કાળો કેર યથાવત

અમદાવાદ,તા.૨૪

ગુજરાતમાં સ્વાઈન ફ્લુના આજે રવિવારના દિવસે વધુ ૨૧ કેસ સપાટી પર આવ્યા હતા અને એક વ્યક્તિનું મોત થયું હતું. જ્યારે છેલ્લા બે દિવસના ગાળામાં જ સ્વાઈન ફ્લુના વધુ ૪૯ કેસો સપાટી પર આવ્યા છે અને બે લોકોના મોત થયા છે. સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા એકંદરે ઝડપથી વધી રહી છે. મોતનો આંકડો પણ વધી રહ્યો છે. સંબંધિત વિભાગ દ્વારા તમામ પગલાં લેવાઈ રહ્યા હોવા છતાં કેસો બની રહ્યા છે. સ્વાઈન ફ્લુનો આતંક યથાવત રીતે જારી રહેતા હવે સ્કુલ અને કોલેજો માટે પણ આરોગ્ય ચેતવણી જારી કરાઈ છે.

અમદાવાદ, રાજકોટ, વડોદરા અને અન્યત્ર વિસ્તારોમાં સ્વાઈન ફ્લુનો આતંક વધારે જોવા મળ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં સૌથી વધુ કેસો નોંધાઈ રહ્યા છે. સ્વાઈન ફ્લુને રોકવા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યા વધી રહી છે. છેલ્લા બે દિવસમાં ૪૯ ના કેસની સાથે દર્દીઓની સંખ્યા ૪૪૫૫ થઈ ગયો છે. ગુજરાતમાં આજે પણ નવા કેસ સપાટી ઉપર આવ્યા હતા. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના કેસો સૌથી વધુ નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લાના છત્રાલ ગામ ખાતે ભાજપ ના કાર્યકરોએ પ્રવેશ કરવો નહી તેવા બેનર લટકાવી દેવામાં આવ્યા છે. છત્રાલ ગામના પડતર પ્રશ્નોનો ઉકેલ ના આવતા ગ્રામજનોએ લોકસભાની ચુંટણીનો બહિષ્કાર કર્યો હોય તેમ લાગી રહ્યું છે. છત્રાલ ગામમાં ઠેર ઠેર બેનર લગાવવામાં આવ્યા છે જેમાં લખેલુ છે કે છત્રાલ ગામના સમસ્ત હિંદુ સમાજનો ઉગ્ર વિરોધ, ભાજપના કોઈપણ નેતા કે કાર્યકર્તાએ છત્રાલ ગામમાં ચુંટણી પ્રચાર કે વોટ માટે પ્રવેશ કરવો નહી. નહીતર પ્રવેશ કરનાર વ્યકિતની જવાબદારી રહેશે. ત્યારે લોકસભાની ચુંટણી ટાણે આ પ્રકારના બેનર છત્રાલ ખાતે લાગતા હાલના સમયે તો ભાજપ અને કાર્યકરોમાં છત્રાલ ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

જૈન સોશ્યલ ગ્રૂપ દ્વારા નવ નિયુક્ત હોદ્દેદારોનો શપથવિધિ કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. જેમાં પ્રમુખ તરીકે શહેરના જાણીતા આગેવાન મધુસુદનભાઈ વોરાની વરણી કરવામાં આવી હતી.

આઈઆઈટીઈના વાઈસ ચાન્સેલરની નિમણૂંકને ગેર વ્યાજબી ગણાવતી એનએસયુઆઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં સેક્ટર-૧૫ ખાતેની આઈઆઈટીઈ એટલે કે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનમાં વાઈસ ચાન્સેલર તરીકે ડૉ. હર્ષદ પટેલની નિમણૂંકને એનએસયુઆઈ દ્વારા પડકારવામાં આવી છે. આ નિમણૂંક યુનિવર્સિટીની સમયના જે કાયદા અંતર્ગત કરવામાં આવી છે. તે ગુજરાત એક્ટ નં. ૮ (૨૦૧૦)ની સેક્શન ૧૩(૫) (એફ)નું ઉલ્લંઘન કરે છે તેવો દાવો કરતા એનએસયુઆઈના ગુજરાત પ્રદેશ મહામંત્રી અમિત પારેખે રદ કરવા માંગ કરી છે.

એનએસયુઆઈના પ્રદેશ મહામંત્રી અમિત પારેખના દાવા મુજબ ગુજરાત એક્ટ નં. ૮ અંતર્ગત કોઈપણ રાજકીય વ્યક્તિની શૈક્ષણિક યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પદે નિમણુંક કરી શકાય નહી અને તાજેતરમાં આઈઆઈટીઈના વાઈસ ચાન્સેલર પદે નિમાયેલા ડૉ. હર્ષદ પટેલ ભાજપના મિડિયા વિભાગમાં કાર્યરત છે, જેમનું નામ ભાજપની ઓફિશિયલ વેબસાઈટ પર પણ દર્શાવેલ છે તથા ટીવી પર તેઓ ડીબેટમાં ભાજપ તરફી ચર્ચા કરતા પણ છાશવારે જોવા મળે છે. વળી વાઈસ ચાન્સેલરની લાયકાત માટે રેગ્યુલેશન-૨૦૧૮ મુજબ લઘુત્તમ ૧૦ વર્ષના અનુભવની જરૂરિયાતનું પણ ડૉ. પટેલની નિમણૂંકમાં પાલન કરાયું નથી તેવો દાવો કરતા એનએસયુઆઈએ ડૉ. હર્ષદ પટેલને સત્વરે આઈઆઈટીઈના વાઈસ ચાન્સેલર પદેથી હટાવવા માંગ કરી છે.

હાઈફાઈ શોપીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પસંદગીની બ્રાન્ડ ખરીદવા માટે અમદાવાદ જવુ પડતુ હતુ. જયારે દિવાળી સહીતના તહેવારોમાં પણ નગરજનો ખરીદી માટે અમદાવાદને જ પસંદગી આપતા હતા. જયારે હવે બિઝનેસ કોમ્પલેક્ષ માટે પણ શિવાલય ગૃપના માધ્યમથી નવા બિલ્ડીંગમાં વિશાળ જગ્યામાં નવા શો રૂમ અસ્તિત્વમાં આવશે. જેથી દેશ દુનિયાની અવનવી બ્રાન્ડસ નગરજનોને ઘર આંગણેથી જ ઉપલબ્ધ થશે. નવા શોપિંગ કોમ્પલેક્ષોથી નગરના વેપાર ધંધાની પ્રગતિ સાથે નગરજનોને પણ ખરીદીમાં પસંદગી સાથે સરળતા રહેશે.

ન્યાય આપો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાની કાર્યવાહી પણ અટકાવી દેવામાં આવી હતી. જો કે આ દરમિયાન તંત્રની ટીમ દ્વારા સે-૧ અને સે-૧૧ માં દુકાનો સીલ કરવામાં આવી હતી. જેમાં સે-૧ માં ૧૫ તેમજ સે-૧૧ માં ૭ દુકાનોને કાર્પોરેશનની ટીમ દ્વારા સીલ મારી દેવાયુ હતુ. જયારે હેતુફેરના મામલે દુકાન ધારકોને નોટીસ અપાયા બાદ દબાણની કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. તંત્ર દ્વારા વિવિધ ઠેકાણેથી દુર કરાયેલા લારી ગલ્લાઓ પણ યથાસ્થાને ગોઠવાઈ ગયા હતા.

બીજીતરફ દબાણ હટાવ ઝુંબેશ અને હેતુફેરના આ અભિયાન દરમિયાન નગરના સે-૧ અને સે-૧૧ માં સીલ કરાયેલી દુકાનોના વેપારીઓ દયાજનક હાલતમા મુકાઈ ગયા છે. છેલ્લા ૬ મહીનાથી આ દુકાનો બંધ હાલતમાં છે. જેના લીધે વેપારીઓ માટે આર્થિક મુંઝવણ પણ ઉભી થઈ છે. દબાણ તેમજ હેતુફેરના મામલે તંત્રએ બેધારી નીતી અપનાવી હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં આ સીલ કરાયેલી દુકાનોને ઝડપથી ખોલી આ દુકાન ધારકોને ન્યાય આપવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

ગણતરીમાં....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કડક પગલાં લીધા અને માથે મેલુંની અમાનવીય પ્રથાને ગુજરાતે જાકારો આપ્યો. એક અમાનવીય પ્રથા દૂર થઈ, ખૂબ મોડી મોડી પણ સફાઈ કામદારોના શોષણ અને સામાજિક અન્યાય સામે રક્ષણ અપાવવાનું કામ રાજ્ય દ્વારા કરવામાં આવ્યું. પરંતુ આજે જ્યારે ગુજરાતના અઢિ હજાર જેટલા પરિવારોના સંડાસમાંથી મળમૂત્ર હટાવવાનું કામ જો મનુષ્યએ કરવું પડતું હોય તો એ તંદુરસ્ત સમાજ માટે સારી બાબત નથી. અને જો આવી બાબત હોય તો ગમે તેટલો આર્થિક વિકાસ સમાજે કર્યો હોય તોપણ સમાજ વિકસિત તો ના કહી શકાય. ગુજરાતના સંદર્ભે ગાંધીનગરની સ્થિતિ સારી છે પરંતુ ગાંધીનગરમાં પણ ૧૪૨ જેટલા પરિવારો તેમના સંડાસ ન મળમૂત્ર પશુઓ દ્વારા સાફ કરાવે છે એ યોગ્ય તો નથી જ કારણકે સાફ કરાવવા માટે પશુઓની સાથે મનુષ્યનો હાથ જોડાયેલો જ હોય. આશા રાખીએ સરકારી તંત્ર અને પ્રજાકીય પુરુષાર્થ આવા કાર્યમાંથી મુક્તિ મેળવવામાં મદદરૂપ બને.

ચાવડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. બધા કાર્યકરોએ ખભે ખભા મિલાવી લડત આપવાની છે. આપણે ધાક-ધમકીની ભાષાનો જવાબ પ્રેમથી આપવાનો છે. નિરીક્ષકો માયાબેન કોડનાની અને મંદાકીની પટેલે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા.

પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે આમ આદમી જાગી ઉઠ્યો છે. ગુજરાતમાં કોંગ્રેસ ૧૪થી ૧૬ બેઠકો પર વિજયી થશે. તોડ-ફોડની રાજનીતિને જાકારો આપવા પ્રજાએ મન બનાવી લીધુ છે. જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ.

આ પ્રસંગે ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ હતુ કે વિચારધારાનો જંગ છે અને કોંગ્રેસનો કાર્યકર મનથી મક્કમ છે એટલે જ આ મુકાબલામાં કોંગ્રેસનો વિજય નિશ્ચિત છે.

સમગ્ર બેઠકનું સંચાલન શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહે કર્યુ હતુ. આ પ્રસંગે કોંગ્રેસના અગ્રણીઓ અજીતસિંહ વાઘેલા, કાઉન્સીલરો ચીમનભાઈ વિંઝુડા, જીતુ રાયકા, અંકિત બારોટ, પિન્કીબેન પટેલ, લલીબેન ઠાકોર, જયરાજસિંહ પરમાર, શૈલેન્દ્રસિંહ બિહોલા ઉપરાંત અશોકભાઈ, તેજાભાઈ, ઉર્પલ જોશી, રાકેશ જાની, અશ્વિનભાઈ, કપિલાબેન ચાવડા, પાયલબેન મેણાત (કાઉન્સીલર), વિમળાબેન વેગડા, ઈશ્વરભાઈ દેસાઈ, રાજેન્દ્રસિંહ, કનુભાઈ વાઘેલા, શહેરના પૂર્વ પ્રમુખ મુકેશ પટેલ, વિક્રમસિંહ ખાચર, મિતુલ જોશી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલું

જનતાને લાઉડ સ્પીકરનો અસહ્ય ત્રાસ પહોંચતો વિદ્યાર્થીઓને ભણવામાં ખલેલ પડતી જેવા પ્રશ્નોનો હલ આવ્યો છે. ચૂંટણી પંચ કડકાઈથી કાયદાનું પાલન કરાવે છે તથા ગેરલાયક ઉમેદવારનું ચૂંટણી ફોર્મ રદ કરતા અટકાતા ના હોય લોકોને ચૂંટણી પંચની કામગીરીમાં વિશ્વાસ ઉભો થયો છે. મતદાતાની સુરક્ષા માટે પોલીસ કર્મી હાજર રહેતા હોય બુથ કેપ્ચરીંગનો બનાવ અટકી ગયા છે. દેશમાં એક જ ચૂંટણી કમિશ્નરની નિમણુંકને સુપ્રિમ કોર્ટે માન્ય ઠરાવી અન્ય બે ચૂંટણી મદદનીશની જગ્યા ઉભી કરવામાં આવી. ચૂંટણી પંચના ફોટાવાળા મતદાન કાર્ટના આગ્રહના કારણે ચૂંટણી કાર્ડ કઢાવવા લોકો જાગૃત બન્યા અને બોગસ મતદાન ઉપર અંકુશ મુકાયો. ૨૦૧૯ ની ચૂંટણીમાં નેવું કરોડ મતદાતા પોતાનો મતનો ઉપયોગ કરવાના છે. ઉજડ અને વેરાન પ્રદેશનમાં દૂર્ગમ પહાડી વિસ્તારમાં જંગલોમાં પણ માણસ મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ભારતીય ચૂંટણી પંચે કરેલ છે. ૧૯૮૨ માં પ્રથમ વખત ઈવીએમનો ઉપયોગ કરવામાં આવેલ છે જે પ્રથા હાલમાં આજદિન સુધીની ચૂંટણીમાં ચાલુ છે. જેથી સરળ સહજ ઝડપી અને નાણાંની બચતથી ચૂંટણી પંચ લોકશાહી ઢબે ચૂંટણી યોજવા સક્ષમ છે.

અતિતની આજ

● ચોથા પાનાનું ચાલું

એમાં જો કોઈ ગડબડ થઈ અથવા તો વડાપ્રધાનપદે મોદી સિવાયની ભાજપની જ કોઈ વ્યક્તિ આવે એવા સંજોગોમાં ગોવામાં ફરી આસમાની સુલતાની થઈ શકે.અત્યારના તબક્કે ભાજપની નેતાગીરીએ મગોપ અને ફોરવર્ડ પાર્ટીના બબ્બે સભ્યોને પોતાનાં પક્ષમાં સામેલ કરી દેવાની વ્યૂહરચના પણ ઘડી જોઈ હતી.અગાઉ શિવસેનાના નેતા અને સાંસદ રહેલા સુરેશ પ્રભુને ભાજપમાં સમાવીને, શિવસેનાપ્રમુખ ઉદ્ધવ ઠાકરેની અનિચ્છાએ, મંત્રી બનાવાયાનો દાખલો મોજૂદ છે. આવા સંજોગોમાં કેન્દ્રમાં અત્યારે સત્તામાં રહેલા ભાજપની આગલી રાજકીય વ્યૂહરચના સમજવાનું મુશ્કેલ છે. લોકસભાની ચૂંટણી માથે હોય ત્યારે ભાજપને કોઈ રાજ્ય ગુમાવવું પરવડે નહીં.

haridesai@gmail.com

ઓળખ

● અનુસંધાન પહેલાનું ચાલું

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા આ આતંકવાદીઓ અને તેમની સપંત્તિને ઓળખી કાઢવામાં આવ્યા બાદ કાર્યવાહી ચાલી રહી છે. જે વ્યક્તિગતોની ઓળખ કરવામાં આવી છે તેમાં લશ્કરે તોયબા અને હિઝબુલ મુજાહિદ્દીનના ટોપ આતંકવાદીઓ પણ સામેલ છે. હુર્રિયત લીડરો પણ સામેલ છે. ત્રાસવાદીઓ અને પથ્થરબાજોને ચોક્કસ પૈસા આપીને અંધાધૂંધી ફેલાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. આતંકવાદી ગતિવિધિમાં સામેલ થવા યુવાનોને સામેલ કરવા, તેમને ગેરમાર્ગે દોરવા માટે કાશ્મીર સ્થિતિ ત્રાસવાદી સંગઠનોના નેતાઓને નાણાં આપવામાં આવે છે. સુરક્ષા દળો, સુરક્ષા દળોના કેમ્પ અને કાફલા પર હુમલો કરવા સહિત આતંકવાદી સંગઠનોની ઓપરેશન ગતિવિધિ માટે આ નાણાં આપવામાં આવે છે. હુર્રિયત કોન્ફરન્સના કટ્ટરપંથીઓ પણ આમાં સામેલ રહ્યા છે. હુર્રિયતની ટોપ લીડરશીપને જાળવી રાખવા માટે આ ફંડ આપવામાં આવે છે. સોશિયલ મીડિયાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કટ્ટરપંથીઓની ઓળખ કરી લેવામાં આવી છે. તેમના ઉપર પણ ઘણા નિયંત્રણો લાગુ કરાયા છે. હવાલા મારફતે આ લોકો સુધી નાણાં પહોંચે છે.

આ પ્રકારની ગતિવિધિ પર સંપૂર્ણપણે બ્રેક મુકવા સુરક્ષા સંસ્થાઓ કાર્યવાહી કરી રહી છે. કટ્ટરપંથીઓની સુરક્ષા હાલમાં જ પાછી ખેંચી લેવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં તપાસ ચાલી રહી છે. જેના ભાગરૂપે ટેરર ફન્ડીંગની ગતિવિધિ તરીકે સાત કરોડ રૂપિયાની ઓળખ કરી લેવામાં આવી છે.

સંભાવના

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ બીજેપીનો ગઢ રહેલા દક્ષિણ બેંગલુરૂ બેઠક પર આ વખતે પીએમ મોદી ચૂંટણી લડી શકે છે. કોંગ્રેસનાં સ્થાનિક નેતાઓ પ્રમાણે, તેમને આશંકા છે કે આ બેઠક પર કોઈ ચોંકાવનારા ઉમેદવારને ઉભો રાખશે. એટલે પાર્ટીનાં હાઈકમાન્ડ વેઈટ એન્ડ વોચનો નિર્ણય લીધો છે.

દક્ષિણ બેંગલુરૂ કોંગ્રેસ વિરોધી સીટ માનવામાં આવે છે. જો ૧૯૮૯ને છોડીને ૧૯૭૭થી અહીં ગેર કોંગ્રેસી સાંસદ જ ચૂંટાયા છે. બીજેપીએ સૌથી પહેલા વર્ષ ૧૯૯૧માં આ સીટ પર કબજો કર્યો હતો. ત્યારે પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી દિવંગત પ્રોફેસરનાં વેંકટગિરિ ગૌડાએ અહીં કેસરીયો લહેરાવ્યો હતો. ૧૯૯૬થી લઈને ગત વર્ષ નવેમ્બર સુધી દિવંગત કેન્દ્રીય મંત્રી અનંત કુમારે આ સીટનું પ્રતિનિધિત્વ કર્યું છે.

કર્ણાટકનાં બીજેપી નેતા ભલે દાવો કરતાં હોય કે તેમની પાસે પીએમ મોદી અહીંથી લડે તેવી કોઈ જાણકારી નથી. પરંતુ સિટી પોલીસ સાથે જોડાયેલા સૂત્રો પ્રમાણે તેમને સોમવારે સવારે શહેરની સુરક્ષા વ્યવસ્થા કડક કરવાનાં આદેશ મળ્યાં છે. સૂત્રો પ્રમાણે આ આદેશ પછી માનવામાં આવે છે કે આ દિવસે કોઈ મોટા નેતા નોંધણી કરાવવા અહીં આવી શકે છે.